<u>જીરૂવાનથી</u>

ક્રમાંક: જી-૧(ક્રાઇમ)ટે.૨ /૫૨૪-૨૬/૨૨૯૩ /૧૦
**પોલીસ મહાનિદેશક અને**
**મુખ્ય પોલીસ અધિકારીની કચેરી, ગુજરાત રાજય,**
**પોલીસ ભવન, સેકટર-૧૮, ગાંધીનગર-૩૮૨ ૦૧૮**
તા.૧૫/૪/૨૦૧૦

**વિષયઃ** ખોટી ફરિયાદો અને અરજીઓ વિરૂધ્ધ કાયદેસર પગલાં સી.આર.પી.સી. કલમ ૧૫૧, આઇ.પી.સી. કલમ ૧૮૨ અને કલમ ૨૧૧ મુજબ લેવા બાબત.

**<u>સ્થાયી હુકમ નં. ૧૨/૧૦</u>**

રાજયમાં ખોટી ફરિયાદો અને ખોટી અરજીઓ ઘણી વખત હીત ધરાવતા વર્ગ દ્વારા કાયદાને માન આપનાર નાગરિકો વિરૂધ્ધ કરવામાં આવે છે. આવી ખોટી અરજીઓ/ફરિયાદોના દબાણમાં આવી નિર્દોષ નાગરિકે ગુનેગાર સાથે સમાધાન કરવાની ફરજ પડે છે.

ખોટી ફરિયાદો અને ખોટી અરજીઓ સામે કાયદાકીય પગલાં લેવા માટે કાયદાકીય જોગવાઇઓ છે. ખોટી ફરિયાદોમાં 'B' સમરી વીથ પ્રોસીકયુશન કરવામાં આવે છે. પણ આવા કિસ્સાઓમાં ઘણા વર્ષોથી નામ. કોર્ટ તરફથી પ્રોસીકયુશન અંગેના હુકમો કરવામાં આવતા નથી. જેથી હીત ધરાવતા વર્ગને ખોટી ફરિયાદો વિશેષ કરીને જમીન, વ્હાઇટ કોલર ક્રાઇમ વગેરેમાં કરવા માટે તક મળે છે.

આવા કિસ્સાઓમાં હવે પછી નીચે મુજબના પગલાં લેવાં.

૧. જાહેર સેવક સમક્ષ ખોટી જાહેરાત (ફરિયાદ કે અરજી) ઇ.પી.કો. કલમ ૧૮૨ અને ઇ.પી.કો. કલમ ૨૧૧ નીચે ગુનો બને છે. આવા ગુનેગાર ફરીથી ગુનાહિત પ્રવૃત્તિ ન કરે અને ફોજદારી ગુનો ન કરે તેના માટે યોગ્ય કેસમાં સી.આર.પી.સી. ની કલમ ૧૫૧ નાં પગલાં લઇ શકાય.

૨. ફરિયાદ ખોટી જણાઇ આવે તો 'B' સમરી ભરી તપાસ કરનાર જાતે ઇ.પી.કો. કલમ ૧૮૨ અને/અથવા ઇ.પી.કો. કલમ ૨૧૧ મુજબની એન.સી. ફરિયાદ દાખલ કરી, નામ. કોર્ટની પરવાનગી લઇ તપાસ કરી, કેસ કમીટ કરી સી.સી. નંબર, તારીખ મેળવી દરેક કેસમાં પોલીસ કમિશનરશ્રી/રેન્જ વડાશ્રી અને અન્ય સીનીયર અમલદારોને રિપોર્ટ મોકલશે.

૩. આઇ.પી.સી. ની કલમ ૨૧૧ ની એન.સી. ફરિયાદોમાં ગંભીર ગુનાના ખોટો આક્ષેપના કેસમાં તપાસાન્તે પુરાવા સાથે અહેવાલ રજૂ કરીને કોર્ટમાંથી વોરંટની માંગણી કરી, વોરંટ મેળવી જરૂરી કાર્યવાહી કરવી. અન્ય કેસોમાં ધરપકડ વગર ચાર્જશીટ કરવાની રહેશે.

(૪) જીલ્લા મેજીસ્ટ્રેટશ્રી સાથે સંકલન કરી બુટલેગરો ઉપર વધુમાં વધુ પાસાના કેસો કરવા

૪. પોલીસ કમિશનરશ્રી અને રેન્જ વડાશ્રી દર માસે અહેવાલ તાબાના અમલદારો પાસેથી મંગાવી અસરકારક મોનીટરીંગ અને સુપરવિઝન કરશે.

ખોટી ફરિયાદો અને ખોટી અરજીઓ કરનારાઓ વિરૂધ્ધ અભિયાન તરીકે દરેક કિસ્સામાં ઉપરોક્ત પગલાં ભરવા સૂચના છે.

**બિડાણ:** પત્રકનો પ્રફોર્મા

**(એસ. એસ. ખંડવાવાલા)**
પોલીસ મહાનિદેશક અને
મુખ્ય પોલીસ અધિકારી, ગુ. રા., ગાંધીનગર

પ્રતિ

- તમામ પોલીસ કમિશનરશ્રીઓ
- તમામ પોલીસ અધીક્ષકશ્રીઓ (વે. રેલવે, વડોદરા સહિત)

**નકલ રવાના (જાણ સારૂ):**

- તમામ અધિક પોલીસ મહાનિદેશકશ્રીઓ
- તમામ રેન્જ વડાશ્રીઓ.
- તમામ પોલીસ મહાનિરીક્ષકશ્રીઓ.
- રેકર્ડ શાખા, અત્રેની કચેરી

૨/- સ્થાયી હુકમ/પરિપત્ર/ઠરાવની ફાઇલમાં રાખવા સારૂ.

૩. આ સ્થાયી હુકમની નકલ તમામ પો. સ્ટે./શાખા/ચોકી/આઉટ પોસ્ટમાં સરક્યુલેટ કરીને તેની નકલ પહોંચની અવેજમાં અત્રેની કચેરીને મોકલવા સૂચના છે.

૪. આ સાથે સામેલ પ્રફોર્મા મુજબના માસિક અહેવાલ દર માસની અંતિમ તારીખ સુધીમાં પોલીસ કમિશનરશ્રી/રેન્જ વડાશ્રી અત્રે મોકલશે અને નકલ અધિક પોલીસ મહાનિદેશકશ્રી, સી.આઇ.ડી. (ક્રાઇમ) ને પાઠવશે.

ઇ.પી.કો. કલમ ૧૮૨, ૨૧૧ મુજબની એન.સી. ફરીયાદ કમીટ ન થાય અને સી.સી. નંબર, તારીખ મળે નહિ ત્યાં સુધી તે કેસની વિગત દર માસે માસિક અહેવાલમાં દર્શાવવા સૂચના છે.

**(સુધીર સિન્હા)**
અધિક પોલીસ મહાનિદેશક
(કાયદો અને વ્યવસ્થા), ગુ. રા., ગાંધીનગર
15.4.10

# બી-સમરીના કેસોમાં લીધેલ પગલાં અંગેનું પત્રક:

શહેર/રેન્જનું નામ માહે /૨૦૧૦

| સેક્ટર/જિલ્લા નું નામ | પો.સ્ટે.નું નામ, ગુ.ર.નં./ કલમ/તારીખ | બી-સમરીનો અહેવાલ મોકલ્યાનો નંબર/ તારીખ | જે ફરીયાદી વિરૂધ્ધ ૧૫૧ ના પગલાં લીધેલ છે તેમના નામ | સી.આર.પી.સી. ની કલમ ૧૫૧ ના પગલાં લીધેલ નથી તો તેના કારણો |
|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ |

| આઇ.પી.સી. ની કલમ ૧૮૨ અને/અથવા ૨૧૧ મુજબની એન.સી. ફરીયાદનો નંબર, તારીખ | કોર્ટમાંથી મેળવેલ પરવાનગી હુકમ નંબર, તારીખ | માસ દરમિયાન કમીટ કરેલ કેસનો સી.સી. નંબર, તારીખ | રીમાર્કસ |
|---|---|---|---|
| ૬ | ૭ | ૮ | ૯ |

**નોંધ:** જયાં સુધી એન.સી. ફરીયાદમાં સી.સી. નંબર, તારીખ નહિ પડે ત્યાં સુધી જે તે બી-સમરીના કેસની વિગતો દરમાસના અહેવાલમાં પત્રકમાં રીપીટ કરવાની રહેશે.